અગત્યનું

ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૯/૭૭૪-૯૧૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૪/૦૨/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી અમલમાં આવનાર ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા પદ્ધતિ બાબત.

સંદર્ભ:- 1. અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૮/૩૯૬૧-૪૦૦૦ તા.૨૪/૦૭/૨૦૧૮
2. અત્રેની ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજુરી.
3. તા.૧૬/૦૮/૨૦૧૮ની શૈક્ષણિક સમિતિનો ઠરાવ ક્રમાંક:૮૮/૨૦૧૮.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સંદર્ભ-૧ દર્શિત પત્રથી ધોરણ-૯ થી ૧૨ની પરીક્ષા પદ્ધતિ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શાળાઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી ધોરણ-૧૦ અને ૧૨માં પરીક્ષા પદ્ધતિ નીચે મુજબ રહેશે.

1. શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી ધોરણ-૧૦ની માર્ચ-૨૦૨૦ની બોર્ડની પરીક્ષામાં ૫૦% (MCQ) OMR પદ્ધતિને સ્થાને ૨૦% હેતુલક્ષી પ્રશ્નો રહેશે. બોર્ડની પરીક્ષામાં ધોરણ-૧૦માં બોર્ડની પરીક્ષાનો ગુણભાર ૭૦% ને બદલે ૮૦% રહેશે. તેમજ આંતરિક મૂલ્યાંકનના ૨૦% રહેશે. બોર્ડના ૮૦ ગુણના પ્રશ્નપત્રમાં ૨૦% (૧૬ ગુણ) હેતુલક્ષી પ્રશ્નો તેમજ ૮૦% (૬૪ ગુણ) ટૂંકા પ્રશ્નો, લાંબા પ્રશ્નો, નિબંધલક્ષી પ્રશ્નો વગેરેનો સમાવેશ કરવામાં આવશે.

2. શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦થી ધોરણ-૧૦માં શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનના સ્થાને આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણ રહેશે. જેમાં,
   - ૫ ગુણ - પ્રથમ કસોટીમાં મેળવેલ ગુણના આધારે
   - ૫ ગુણ - બીજી કસોટીમાં મેળવેલ ગુણના આધારે
   - ૫ ગુણ - નોટબુક સબમિશન
   - ૫ ગુણ - સબજેક્ટ એનરીચમેન્ટ એક્ટિવીટી (ભાષાઓમાં સ્પીકિંગ અને લીસનીંગ ટેસ્ટ, વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્ય તેમજ અન્ય વિષયોમાં પ્રોજેક્ટ કાર્ય રહેશે.)

3. શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી ધોરણ-૧૦ની પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે વિદ્યાર્થીએ બોર્ડની પરીક્ષાના ૮૦ ગુણમાંથી ૩૩% એટલે કે ૨૬ ગુણ અને આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણમાંથી ૩૩% એટલે કે ૦૭ ગુણ મેળવવાના રહેશે. બંનેના મળીને બોર્ડની પરીક્ષા+આંતરિક મૂલ્યાંકનમાં અનુક્રમે ૨૬+૦૭=૩૩ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી ઉત્તીર્ણ ગણાશે.

4. શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦થી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની માર્ચ-૨૦૨૦ની બોર્ડની પરીક્ષામાં ૫૦% (MCQ) OMR પદ્ધતિને સ્થાને બોર્ડની પરીક્ષામાં ૧૦૦ ગુણના પ્રશ્નપત્રોમાં ૨૦% (૨૦ ગુણ) હેતુલક્ષી પ્રશ્નો રહેશે અને ૮૦% (૮૦ ગુણ) પ્રશ્નો ટુંકા પ્રશ્નો, લાંબા પ્રશ્નો, નિબંધ પ્રકારના પ્રશ્નો વગેરે રહેશે. ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવ વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્ય ૫૦ ગુણનું રહેશે.

5. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨(વિજ્ઞાન પ્રવાહ)ના પ્રશ્નપત્ર પરિરૂપ હવે પછી બોર્ડ દ્વારા જણાવવામાં આવશે.

6. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં બોર્ડની પરીક્ષામાં પ્રશ્નપત્રોનું પરિરૂપ યથાવત રહેશે. પરંતુ ભાષાઓના વિષયોમાં ધોરણ-૧૨(વિજ્ઞાન પ્રવાહ) માટે નિયત થનાર પ્રશ્નપત્રોનું પરિરૂપ તમામ પ્રવાહોમાં લાગુ પડશે.

ઉપરોક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલી આપશો.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,ગાંધીનગર.
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,વડોદરા.

નકલ રવાના:-
- સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,ગાંધીનગર.
- પરીક્ષા સચિવશ્રી(વિ.પ્ર., સા.પ્ર.), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ,ગાંધીનગર.
- પરીક્ષા સચિવશ્રી(SSC), ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, વડોદરા.